## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,પરીક્ષા વિભાગ,વડોદરા.

### "અખબારી યાદી"

આથી ગુજરાત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, તા.૧૧/૧૦/૨૦૧૭ થી માર્ચ-૨૦૧૮ માટે એસ.એસ.સી.ના ઉમેદવારો માટે ઓનલાઈન આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે.

આજદિન સુધી ૬,૭૦,૧૬૮ ફોર્મ ભરાયેલ છે. છેલ્લી તારીખ:-૧૦/૧૧/૨૦૧૭ રાખવામાં આવેલ છે. જે ફોર્મ ભરાયેલ છે તેમાં મોટી સંખ્યા રેગ્યુલર વિદ્યાર્થીઓની છે. રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. આપની શાળાના રીપીટર વિદ્યાર્થીઓને જરૂરી સૂચનાઓ આપી તેઓના ફોર્મ પણ સમય મર્યાદામાં ભરાય તે બાબતે ધ્યાન આપવા વિનંતી છે. આચાર્યશ્રીઓ દ્વારા એપ્રુવલ આપવાની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. આવેદનપત્રો ભરવાની છેલ્લી તારીખ સુધીમાં નિયમિત તથા રીપીટર ઉમેદવારોના વધુમાં વધુ આવેદનપત્રો ભરાઈ જાય તે બાબતે ધ્યાન આપવા આચાર્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે. જેથી કરીને છેલ્લાં દિવસોમાં નેટ અને સર્વરને લગતી મુશ્કેલીઓ નિવારી શકાય.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, (પરીક્ષા વિભાગ),
વડોદરા.